# જિલ્લા નાયબ નિયામક ની કચેરી(વિકસતી જાતિ)

જુની કોર્ટ બિલ્ડીંગમાં,બહુમાળી ભવન કેમ્પસ, નાનપુરા, સુરત

ફોન૨૪૬૦૬૯૮-૦૨૬૧ : ફેક્સ/ e-mail : d.dirsurat@gmail.com


નં.જિનાનિ/વિ.જા/DGP-S/૨૦૨૨-૨૩/૫૯૦ થી ૫૯૮. તા.૧૪/૦૬/૨૦૨૨

સમય મર્યાદા

ડિજિટલ ગુજરાત પોર્ટલ

પ્રતિ,

૧) આચાર્યશ્રી,સરકારી, ગ્રાંટ ઈન એઈડ અને ખાનગી - માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળા, તમામ, જિ.સુરત

૨) આચાર્યશ્રી, સરકારી, ગ્રાંટ ઈન એઈડ અને ખાનગી - કોલેજ તમામ, જિ.સુરત.

૩) આચાર્યશ્રી, સરકારી - આઈ.ટી.આઈ તમામ, જિ.સુરત.

**વિષય: વર્ષ: ૨૦૨૧-૨૨ની વિકસતી જાતિના વિદ્યાર્થીઓ માટેની પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિની ઓનલાઇન પેન્ડીંગ રહેલ અરજીઓનો તાત્કાલિક Digital Gujarat Portal મારફત નિકાલ કરવા બાબત (https://www.digitalgujarat.gov.in )**

**સંદર્ભ : અત્રેની કચેરીના તા.૧૧/૧૦/૨૦૨૧ ના પત્ર નં.જિનાનિ/વિ.જા/૨૦૨૧-૨૨/૧૮૩૫ થી ૧૮૪૪.**

સવિનય ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે ગત શૈક્ષણિક વર્ષ:૨૦૨૧-૨૨ ના સત્ર દરમ્યાન ઉચ્ચતર માધ્યમિક શાળાઓ/ કોલેજો/ યુનિવર્સિટીઓ/ આઇ.ટી.આઇ./ સંસ્થાઓમાં અભ્યાસ કરતાં વિકસતી જાતિના વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓની શૈક્ષણિક સવલતો મંજૂર કરી ચુકવણું DBT થી કરવા માટે અત્રેની કચેરીના ઉક્ત સંદર્ભ પત્ર અનુસાર શિષ્યવૃત્તિની ઓનલાઇન કામગીરી સમયમર્યાદામાં પૂર્ણ કરવા માટે આપને જણાવેલ હતું. જેમાં આપના સાથ-સહકાર મારફત અત્રેની કચેરીને ઓનલાઇન મળેલ અરજીઓ પૈકી જિલ્લાની અંદાજીત ૯૦% જેટલી કામગીરી પૂર્ણ થઇ ગયેલ છે. પરંતુ હજુ આપના શાળા/કોલેજ/સંસ્થા ના લોગીનમાં ઘણી બધી અરજીઓ ઓનલાઇન પેંન્ડીંગ રહેવા પામેલ છે. (શાળા/કોલેજ/સંસ્થા લેવલ એ Post Matric Pending Application - ૧૫૭૨ અને Post Matric Send Application – ૪૬૬ અરજીઓ મળી કુલ - ૨૦૩૮ જેટલી અરજીઓ પેંડીંગ છે અને વિદ્યાર્થી લેવલ એ ૨૬૪૫ જેટલી અરજીઓ પેન્ડીંગ રહેલ છે – જેની વિગત Post Matric All Pending Application માં જોઇ શકાય છે.) તો તે તમામ અરજીઓનો <u>તા.૨૫/૦૬/૨૦૨૨ સુધીમાં ચકાસણી કરી ઓનલાઇન ફોરવર્ડ કરવા માટે આપને આજ્ઞાનુસાર જણાવવામાં આવે છે.</u>

(૧) શાળા/કોલેજ/સંથાના લોગીનમાં Post Matric Pending Application માં ક્લીક કરતા કચેરી વાઇઝ અને યોજના વાઇઝ પેંન્ડીગ રહેલ ઓનલાઇન અરજીઓની વિગત જોવા મળશે. જે-તે યોજનાની આગળ Detail Entry (ભુરા કલરમાં લખેલું હશે) તેના પર ક્લીક કરતા બીજો ડાયલોગ બોક્ષ ઓપન થશે. જેમાં Application Type માં Fresh Application અને Query Case બંન્નેમાં Service Apply Year - 2021 સીલેક્ટ/એન્ટર કરીને ચેક કરી લેવું. તેમજ Application Type માં Fresh Application અને Query Case બંન્નેમાં Service Apply Year - 2022 સીલેક્ટ/એન્ટર કરીને ચેક કરી લેવું. આમ ઉપર મુજબ પ્રકિયા કરતા આપના લોગીનમાં જે પણ ઓનલાઇન અરજીઓ દેખાય તે તમામ અરજીઓ વિદ્યાર્થીએ જમા કરાવેલ હાર્ડકોપી સાથે ચકાસણી/ખરાઇ કરી લેવી અને મંજુર કરવી, જો કોઇ અરજીમાં પૂર્તતા કરવાની થતી હોય, તો તે તમામ અરજીઓને પૂર્તતા અર્થે વિદ્યાર્થીને ઓનલાઇન રીટર્ન કરવી અને પૂર્તતા કરાવી અત્રેની કચેરીને ઓનલાઇન ફોરવર્ડ કરવાની રહેશે.

Scanned with CamScan

(૨) શાળા/કોલેજ/સંસ્થાના લોગીનમાં Post Matric Pending Application માં મંજુર કરેલ તમામ અરજીઓ Post Matric send Application માં જોઇ શકાય છે. આ તમામ અરજીઓને ટીકમાર્ક કરી OTP આપીને આગળના લેવલ એ ફોરવર્ડ કરવાની રહેશે. ત્યારબાદ જ તમારા લોગીનમાં રહેલ ઓનલાઇન અરજી અત્રેની કચેરીને મળશે અને તેના પર શિષ્યવૃત્તિ ચૂકવવાની કાર્યવાહી કરી શકાશે.

આમ, ઉપર મુજબની પ્રકિયા કરી તમામ અરજીઓને ઓનલાઇન ફોરવર્ડ કરી આપનું લોગીન નીલ કરવાનું રહેશે. જેથી વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ ચૂકવી શકાય. જો ઉપરોક્ત ઓનલાઇન કામગીરી આપના મારફત સમયસર કરવામાં નહી આવે અને આપના લોગીનમાં ઓનલાઇન અરજીઓ પડતર રહેશે, તો તેની તમામ જવાબદારી શાળા/કોલેજ/સંસ્થા ના આચાર્યશ્રીની રહેશે. જેની ખાસ નોંધ લેવા વિનંતી.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત

જિલ્લા નાયબ નિયામક
વિકસતી જાતિ, સુરત

નકલ સવિનય રવાના :-

(૧) માનનીય નિયામકશ્રી.વિકસતી જાતિ કલ્યાણ ખાતું.ગુજરાત રાજ્ય,ગાંધીનગર તરફ જાણ સારૂ.

(૨) કુલ સચિવશ્રી, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુરત, ઉધના, મગદલ્લા રોડ, સુરત - ૩૯૫૦૦૭ તરફ જાણ તથા યુનિવર્સિટીના તમામ વિભાગો તેમજ તમામ કોલેજોને જરૂરી સૂચના આપવા સારૂ.

(૩) કુલ સચિવશ્રી, ભગવાન મહાવીર યુનિવર્સિટી, ભરથાણા રોડ, વેસુ, સુરત – ૩૯૫૦૦૭ તરફ જાણ તથા તમામ કોલેજોને જરૂરી સૂચના આપવા સારૂ.

(૪) કુલ સચિવશ્રી, ઉકા તરસાડીયા યુનિવર્સિટી, બારડોલી-મહુવા રોડ, ગોપાલ વિદ્યાનગર, બારડોલી – ૩૯૪૩૫૦ તરફ જાણ તથા તમામ કોલેજોને જરૂરી સૂચના આપવા સારૂ.

(૫) કુલ સચિવશ્રી, પી.પી. સવાણી યુનિવર્સિટી, ને.હા. નં.૮, બીલટેક નજીક, ધામદોડ, કોસંબા - ૩૯૪૧૨૫ તરફ જાણ તથા તમામ કોલેજોને જરૂરી સૂચના આપવા સારૂ.

(૬) કુલ સચિવશ્રી, સરદાર વલ્લભભાઇ નેશનલ ઇંસ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજી, ઇચ્છાનાથ, સુરત - ૩૯૫૦૦૭ તરફ જાણ તથા તમામ કોલેજોને જરૂરી સૂચના આપવા સારૂ.

Scanned with CamScanner